## ::-ફોજદારી કેસ નં.           /           -::

### ::-આંક ૧ લગત હુકમ ::

વિદ્વાન એપીપીશ્રીની અરજી વંચાણે લીધી તથા જીલ્લા મેજી. વડોદરાના તારીખ ૯/૭/૨૦૧૯ના પત્ર નંબર ઈસી/ આર્મ્સ વશી/૧૧૨૯/૨૦૧૯થી આવેલ પત્ર વંચાણે લીધો. સદરહું પત્રથી  ડોરમેન્ટ ફાઈલ ઉપર મુકેલ કેસોના નિકાલ અંગે મુખ્ય જીલ્લા ન્યાયાધીશ અને અધ્યક્ષ શ્રી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળની કચેરીના જાવક નંબર જિ.કા.સે.સ.મંડળ /૮૭૧/૨૦૧૯ તારીખ ૧૮/૬/૨૦૧૯ના પત્રથી રજુ થયેલ દરખાસ્તમાં રજુ થયેલ પત્રક મુજબ અલગ અલગ કોર્ટના એપીપીશ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાય મુજબના કેસોમાં સરકાર શ્રીના પરીપત્રની સુચનાઓ ધ્યાને લઈ પરત ખેંચવા અંગે જરુરી કાર્યવાહી ધરવા એપીપીશ્રીને પરવાનથી આપેલ છે. સદરહું કેસ આરોપી ઘણા લાંબા સમયથી આરોપી મળી આવતા ન હોય ડોરમેન્ટ ફાઈલ ઉપર પેન્ડીંગ છે અને આ કેસમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી અને તેના કારણે આ કેસ પેન્ડીંગ રહેલ છે. આરોપીને શોધવા પ્રયાસ કરવો સમય શકિત અને નાંણાનો વ્યવ સમાન છે અને અદાલત ગંભીર ગુનાના કેસોમાં પુરતું ધ્યાન આપી ગંભીર પ્રકારના કેસો કાળજી પુર્વક ચલાવી શકે તે માટે જાહેર હીતમાં  અને ન્યાયના હિતમાં સદર કેસમાં સદર કેસ પરત ખેંચવા પરવાનગી આપવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૧ અન્વયે એપીપી શ્રીને સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપી વીથ ડ્રોથી ફેસલ કરવા હુકમ કરવામાં આવે છે.

સદર કામે કબજે કરેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો/ કિમતી મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવામાં આવે છે અગર કોઈ હુકમ થયેલ ન હોય તેનો કબજો મેળવનાર શ્રેષ્ઠ વ્યકિતને ઈન્કવાયરી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ જામીનગીરીની રકમ જમા કરાવેલ હોય તો તે સરકાર જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઈ સને ૨૦૧૯ના રોજ  સ્પેશ્યલ સીટીંગ માં જાહેર કર્યો.

તારીખ :૧૩/૦૭/૨૦૧૯

સ્થળ : વડોદરા

મોહંમદસલીમ હબીબખાન પઠાણ
૧૦મા એડી.ચીફ.જયુડી મેજીસ્ટ્રેટ
જીજે.૦૦૮૧૧
વડોદરા.